**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ**

**Date : 04-06-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Tuesday** **National News**

**આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

****************************************

- લોકસભાની ચૂંટણીમાં એનડીએને બહુમતી મળે તેવા અત્યાર સુધીનાં વલણઃ એનડીએ 291 બેઠકો અને ઇન્ડિ ગઠબંધનની 223 બેઠકો પર સરસાઈ.
- ગુજરાતમાં 24 બેઠકો પર ભાજપની સરસાઈઃ પાટણ બેઠક પર કોંગ્રેસ આગળ, જ્યારે બનાસકાંઠા બેઠક પર રસાકસી
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વારાણસી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અમેઠી અને વાયનાડ બેઠક પર આગળ
- આંધ્રપ્રદેશ વિધાનસભામાં ટીડીપી 130 બેઠકોની સરસાઈ સાથે મોખરે.
- ઓડિશા વિધાનસભામાં ભાજપ 72 બેઠકો પર આગળ. સત્તાધારી બીજેડી માત્ર 57 બેઠકો પર આગળ
- ચૂંટણીનાં મિશ્ર પરિણામોને પગલે સેન્સેક્સ અને નિફ્ટીમાં સાત ટકા સુધીનો કડાકો

****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Counting Round up..

લોકસભાની 542 અને ઓડિશા તથા આંધ્રપ્રદેશ વિધાનસભાની તમામ અને 25 વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીની મતગણતરી હાલમાં ચાલી રહી છે.

છેલ્લાં મળેલા વલણો પ્રમાણે એનડીએ 291 બેઠકો અને ઇન્ડિ ગઠબંધન 2.33 બેઠકો પર સરસાઇ ધરાવે છે, જ્યારે અન્ય પક્ષો 19 બેઠકો પર આગળ છે.

પક્ષવાર જોઇએ તો, ભાજપ 239, બેઠકો, કોંગ્રેસ 97 બેઠકો અને સપા 37, પર આગળ છે.

પોતાની બેઠક પર સરસાઇ ધરાવતા અગ્રણી નેતાઓમાં પ્રધાનમંત્રી અને ભાજપના નેતા નરેન્દ્ર મોદી વારાણસી બેઠક પરથી તેમનાં નજીકનાં કોંગ્રેસના હરીફ અજય રાય કરતાં સરસાઈ ધરાવી રહ્યા છે. તો કેન્દ્રીય મંત્રી અમિત શાહ તેમનાં નજીકનાં હરીફ કોંગ્રેસના સોનલ પટેલ કરતા ચાર લાખથી વધુ મતોથી આગળ છે.

પોતાનાં હરીફોની સામે સરસાઈ ધરાવતા ભાજપના અન્ય અગ્રણી નેતાઓમાં અનુરાગ ઠાકુર હમીરપુર, રાજનાથ સિંહ લખનઉ, હેમા માલિની મથુરા, અરૂણ ગોવિલ મેરઠ, રવિકિશન ગોરખપુર, જ્યોતિરાદિત્ય સિંધિયા ગુના, પિયુષ ગોયલ મુંબઇ ઉત્તર, શિવરાજસિંહ ચૌહાણ વિદિશાનો સમાવેશ થાય છે. કોંગ્રેસના નેતાઓમાં રાહુલ ગાંધી રાયબરેલી અને વાયનાડ તથા મનિષ તિવારી ચંદીગઢ બેઠક પર આગળ છે.

જે અગ્રણી નેતાઓ પાછળ ચાલી રહ્યા છે તેમાં ભાજપનાં સ્મૃતિ ઇરાની અમેઠી, કેન્દ્રીય મંત્રી એલ મુરુગન નિલગિરી, ભાજપના નેતા ડો. તામિલીસાઇ સૌંદરરાજન ચેન્નાઇ દક્ષિણ, નેશનલ કોન્ફરન્સના ઉમેદવાર ઓમર અબદુલ્લા બારામુલા અને ટીએમસીના ઉમેદવાર શત્રુધ્ન સિંહા, આસનસોલનો સમાવેશ થાય છે.

ઉત્તરપ્રદેશમાં કુલ 80 બેઠકોમાંથી સમાજવાદી પાર્ટી 36 બેઠકો પર સરસાઈ સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવ્યો છે, જ્યારે ભાજપ 33, કોંગ્રેસ 7 રાષ્ટ્રીય લોક દળ 2 બેઠકો પર આગળ છે.

**દિલ્હીની સાતેય બેઠકો, અને મધ્યપ્રદેશની તમામ 39 બેઠકો પર ભાજપ સરસાઈ ધરાવે છે.**

**લોકસભાની સાથે સાથે આંધ્રપ્રદેશ અને ઓડિશા વિધાનસભા ચૂંટણીની પણ ગણતરી ચાલી રહી છે. આંધ્રપ્રદેશ વિધાનસભાની કુલ 175 બેઠકોમાંથી ટીડીપી 130, જનનાયક પાર્ટી 19 ભાજપ 7 અને YSRCP 19 બેઠકો પર સરસાઈ ધરાવે છે.**

**જ્યારે ઓડિશા વિધાનસભાની 147 બેઠકોમાંથી ભાજપ 72 બીજેડી 57 કોંગ્રેસ 15 અપક્ષો 2 અને સીપીઆઇ-એમ 1 બેઠક પર આગળ છે.**

## GUJARAT LOK SABHA ELECTION

ગુજરાતની 25 લોકસભા બેઠક માટે મતગણતરી સવારથી ચાલી રહી છે, જેમાં પાટણ સિવાયની 24 લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર આગળ છે. કેન્દ્રિય ગૃહમંત્રી અને ગાંધીનગર બેઠકના ઉમેદવાર અમિત શાહ, નવસારી બેઠકથી ભાજપના ઉમેદવાર અને પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ, વડોદરાથી ભાજપના ઉમેદવાર ડૉ. હેમાંગ જોષી અંદાજે ચાર લાખથી વધુની સરસાઈથી આગળ ચાલી રહ્યા છે. જ્યારે કેન્દ્રિય આરોગ્ય મંત્રી અને પોરબંદર બેઠકના ઉમેદવાર ડૉક્ટર મનસુખ માંડવિયા, કેન્દ્રિય મંત્રી અને રાજકોટના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા, પંચમહાલ બેઠકના ઉમેદવાર રાજપાલસિંહ જાદવ ત્રણ લાખથી વધુ મતની સરસાઈથી આગળ છે. જ્યારે પાટણ બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર ચંદનજી ઠાકોર 7 હજારથી વધુ મતથી આગળ છે.

બનાસકાંઠા બેઠક પર કોંગ્રેસનાં ઉમેદવાર ગેનીબેન ઠાકોર અને ભાજપના ઉમેદવાર રેખાબેન ચૌધરી વચ્ચે રસાકસી ચાલી રહી છે. છેલ્લાં અહેવાલ મળ્યા ત્યારે ભાજપના ઉમેદવાર રેખાબેન ચૌધરી આગળ ચાલી રહ્યા છે.

ગુજરાતની ખાલી પડેલી વિધાનસભાની પાંચ બેઠકો માટે પણ મત ગણતરી ચાલી રહી છે, જેમાં પોરબંદર, વિજાપુર, વાઘોડિયા, માણાવદર અને ખંભાતનો સમાવેશ થાય છે. છેલ્લાં અહેવાલ પ્રમાણે આ પાંચેય બેઠકો પર ભાજપના ઉમેદવારો તેમનાં હરીફોથી આગળ ચાલી રહ્યા છે.

**વધુ અહેવાલ આપે છે અમારા અમદાવાદનાં સંવાદદાતા અપર્ણા ખૂંટ...**

## લોકસભાની 25 બેઠકોની ચાલી રહેલી મતગણતરીમાં છેલ્લા મળેલા અહેવાલ પ્રમાણે....

ગાંધીનગરમાં ભાજપના ઉમેદવાર અમિત શાહ કોંગ્રેસના ઉમેદવાર સોનલ પટેલ કરતાં આગળ ચાલી રહ્યાં છે.

રાજકોટમાં ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી કરતાં આગળ ચાલી રહ્યાં છે.

પોરબંદરમાં ભાજપના ઉમેદવાર મનસુખ માંડવિયા કોંગ્રેસના ઉમેદવાર લલિત વસોયા કરતાં આગળ ચાલી રહ્યાં છે.

ભાવનગરમાં ભાજપના ઉમેદવાર નીમુબેન બાંભણિયા આપના ઉમેદવાર ઉમેશ મકવાણા કરતાં આગળ ચાલી રહ્યાં છે.

ખેડામાં ભાજપના ઉમેદવાર દેવુસિંહ ચૌહાણ કોંગ્રેસના ઉમેદવાર કાળુસિંહ ડાભી કરતાં આગળ ચાલી રહ્યાં છે.

ભરૂચમાં ભાજપના ઉમેદવાર મનસુખ વસાવા આપના ઉમેદવાર ચૈતર વસાવા કરતાં આગળ ચાલી રહ્યાં છે.

પાટણમાં કોંગ્રેસના ઉમેદવાર ચંદનસિંહ ઠાકોર ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભી કરતાં આગળ ચાલી રહ્યાં છે.

નવસારીમાં ભાજપના ઉમેદવાર સી.આર.પાટીલ કોંગ્રેસના ઉમેદવાર નૈષદ દેસાઇ કરતાં આગળ ચાલી રહ્યાં છે.

બનાસકાંઠામાં ભાજપના ઉમેદવાર ડૉ.રેખાબેન ચૌધરી કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોર કરતાં આગળ ચાલી રહ્યાં છે.

મહેસાણામાં ભાજપના ઉમેદવાર હરિભાઇ પટેલ કોંગ્રેસના ઉમેદવાર રામજી ઠાકોર કરતાં આગળ ચાલી રહ્યાં છે.

સાબરકાંઠામાં ભાજપના ઉમેદવાર શોભનાબેન બારૈયા કોંગ્રેસના ઉમેદવાર તુષાર ચૌધરી કરતાં આગળ ચાલી રહ્યાં છે.

અમદાવાદ-પૂર્વમાં ભાજપના ઉમેદવાર હસમુખ પટેલ કોંગ્રેસના ઉમેદવાર હિંમતસિંહ પટેલ કરતાં આગળ ચાલી રહ્યાં છે.

અમદાવાદ-પશ્ચિમમાં ભાજપના ઉમેદવાર દિનેશ મકવાણા કોંગ્રેસના ઉમેદવાર ભરત મકવાણા કરતાં આગળ ચાલી રહ્યાં છે.

કચ્છમાં ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડા કોંગ્રેસના ઉમેદવાર નિતેશ લાલન કરતાં આગળ ચાલી રહ્યાં છે.

સુરેન્દ્રનગરમાં ભાજપના ઉમેદવાર ચંદુભાઇ શિહોરા કોંગ્રેસના ઉમેદવાર ઋત્વિક મકવાણા કરતાં આગળ ચાલી રહ્યાં છે.

જામનગરમાં ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમ કોંગ્રેસના ઉમેદવાર જે.પી.મારવિયા કરતાં આગળ ચાલી રહ્યાં છે.

અમરેલીમાં ભાજપના ઉમેદવાર ભરત સુતરિયા કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મર કરતાં આગળ ચાલી રહ્યાં છે.

આણંદમાં ભાજપના ઉમેદવાર મિતેષ પટેલ કોંગ્રેસના ઉમેદવાર અમિત ચાવડા કરતાં આગળ ચાલી રહ્યાં છે.

પંચમહાલમાં ભાજપના ઉમેદવાર રાજપાલસિંહ જાદવ કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ ચૌહાણ કરતાં આગળ ચાલી રહ્યાં છે.

દાહોદમાં ભાજપના ઉમેદવાર જસવંતસિંહ ભાભોર કોંગ્રેસના ઉમેદવાર ડૉ.પ્રભા તાવિયાડ કરતાં આગળ ચાલી રહ્યાં છે.

વડોદરામાં ભાજપના ઉમેદવાર હેમાંગ જોષી કોંગ્રેસના ઉમેદવાર સુખરામ રાઠવા કરતાં આગળ ચાલી રહ્યાં છે.

વલસાડમાં ભાજપના ઉમેદવાર ધવલ પટેલ કોંગ્રેસના ઉમેદવાર અનંત પટેલ કરતાં આગળ ચાલી રહ્યાં છે.

રાજકોટમાં ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી કરતાં આગળ ચાલી રહ્યાં છે.

## Sensex

લોકસભાની ચૂંટણીનાં પરિણામોનાં પ્રારંભિક મિશ્ર વલણ બાદ શેરબજારમાં અસાધારણ કડાકો બોલાયો હતો. ભારે નફારૂપી વેચવાલીને પગલે સૂચકાંક સેન્સેક્સ અને નિફ્ટીમાં દિવસ દરમિયાન સાત ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો.

છેલ્લાં અહેવાલ પ્રમાણે બીએસઇ સેન્સેક્સ 4558 આંક અથવા 5.6 ટકા ઘટીને 71910 ચાલી રહ્યો છે જ્યારે એનએસઇ નિફ્ટી 1440 આંક અથવા 6.25 ટકા ઘટીને 21833 ચાલી રહ્યો છે.

## Lok Sabha Polls

દેશભરમાં યોજાયેલી લોકસભાની ચુંટણી દરમિયાન 31 કરોડ 2 લાખ જેટલી મહિલા મતદારોએ મત આપ્યા હતા. જે વિશ્વમાં અત્યાર સુધી સૌથી વધુ છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે પત્રકારો સાથેવાત કરતાં આમ જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે લોકસભાની ચૂંટણી દરમિયાન 64 કરોડ2 લાખ મતદારોએ

તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જ્યારેતમામ G7 દેશો –અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, જાપાન અને કેનેડાના મતદારોની સંખ્યા દોઢ ગણી હતી.

## HAMAS KILLED

ઇઝરાયેલના લશ્કરે હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા વધુ ચાર લોકોના મોતની પુષ્ટિ કરી છે. ઇઝરાયલના સંરક્ષણ દળના પ્રવક્તા રીઅર એડમિરલ ડેનિયલ હગારીએ જણાવ્યા પ્રમાણે દક્ષિણ ગાઝામાં ખાન યુનિસ પર ઇઝરાયેલના હુમલા દરમિયાન માર્યા ગયેલા ચાર લોકોના મૃતદેહ હજુ પણ હમાસના આતંકવાદીઓના કબજામાં છે.

ગત ઑક્ટોબરમાં, દક્ષિણ ઇઝરાયેલ પર હમાસે કરેલા હુમલામાં 1200 લોકો માર્યા ગયા હતા અને 251 લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા. નવેમ્બરમાં એક અઠવાડિયાના યુદ્ધવિરામ દરમિયાન હમાસે 150 બંધકોને મુક્ત કર્યા હતા. જ્યારે બંધક રહેલા 120 લોકો માંથી ઘણા બધા હવે જીવિત નહીં હોવાનું ઈઝરાયેલના અધિકારીઓએ જણાવ્યું હતું.